Article Date	Headline / Summary	Publication
26 Oct 2026	Make health coverage more effective without paying high premiums	Financial Express (Gujarati)

ઊંચું પ્રીમિયમ ચૂકવ્યા વિના હેલ્થ કવરેજને વધુ સક્ષમ બનાવો



AMARNATH SAXENA

વીમા કંપનીઓ મૂળ હેલ્થ ઇન્શ્યોરન્સ પૉલિસી સાથે જોડી શકાય તેવા અનેક રાઇડર્સ અને એડ- ઓન્સ ઓફર કરે છે. ઊંચા પ્રીમિયમની ચૂકવણી કર્યા વિના રૂપિયા એક કરોડનું સમ ઇન્શ્યોર્ડ (વીમા રકમ) ઊભું કરવા માટે આનો ઉપયોગ કરી શકાય છે. મોટાભાગના લોકો રૂપિયા 5-10 લાખનું બેઝ કવર પસંદ કરતા હોય છે, અને ઊંચા પ્રીમિયમના ડરથી મોટું સમ ઇન્શ્યોર્ડ લેવાથી દૂર રહે છે.

રિસ્ટોરેશન બેનિફિટ્સ

રિસ્ટોરેશન બેનિફિટ્સનો અર્થ એ છે કે જો ક્લેમને કારણે વીમા રકમ સમાપ્ત થઈ જાય, તો તે આપોઆપ પુનઃસ્થાપિત થઈ જાય છે. આ પ્રક્રિયા માત્ર એક વાર નહીં, પરંતુ એક જ પૉલિસી વર્ષ દરમિયાન અમર્યાદિત વખત લાગુ થઈ શકે છે. જો વારંવાર હોસ્પિટલમાં દાખલ થવાને કારણે તમારું સમ ઇન્શ્યોર્ડ વપરાઈ જાય, તો પણ તમે સુરક્ષિત રહો છો; જેથી પરવડે તેવા ખર્ચે ઉચ્ચ કવરેજ મેળવવાનો આ એક સ્માર્ટ માર્ગ બને છે. જોકે, કેટલીક વીમા કંપનીઓમાં પૉલિસી વર્ષમાં માત્ર એક જ વાર રિસ્ટોરેશનની મર્યાદા હોઈ શકે છે.

સમ ઇન્શ્યોર્ડનું એકત્રીકરણ

કેટલીક વીમા કંપનીઓ મલ્ટી-યર હેલ્થ ઇન્શ્યોરન્સ પૉલિસી સાથે એવો રાઇડર આપે છે, જેમાં દરેક વર્ષની વાર્ષિક વીમા રકમ સમગ્ર પૉલિસી મુદત માટે એક મોટા પૂલમાં એકત્રિત કરવામાં આવે છે. આનો અર્થ એ કે દર વર્ષે અલગ મર્યાદા રાખવાને બદલે, સમગ્ર મુદત દરમિયાન માન્ય ક્લેમ્સ માટે વાપરી શકાય તેવી એક સંચિત મર્યાદા મળે છે. આ રાઇડર ફાયદાકારક છે કારણ કે તે બહુ-વાર્ષિક પૉલિસીના વાર્ષિક સમ ઇન્શ્યોર્ડને એક સંચિત મર્યાદામાં જોડે છે, જેનાથી શરૂઆતથી જ અને સમગ્ર મુદત દરમિયાન મોટા કવરેજની સુવિધા પ્રાપ્ત થાય છે.ઉદાહરણ તરીકે, જો તમે રૂપિયા 15 લાખના વાર્ષિક કવર સાથે 3 વર્ષની પૉલિસી ખરીદો છો, તો સામાન્ય રીતે દર વર્ષે રૂપિયા 15 લાખ ઉપલબ્ધ હોય છે. પરંતુ આ રાઇડર સાથે, સમગ્ર ત્રણ વર્ષ માટે કવર એકત્રિત થઈને રૂપિયા 45 લાખ થઈ જાય છે. જરૂર પડે તો તમે આ રૂપિયા 45 લાખનો ઉપયોગ પૉલિસી સમયગાળા દરમિયાન ગમે ત્યારે—પ્રથમ વર્ષમાં પણ—કરી શકો છો.



ઇમરજન્સી બેનિફિટ્સ

કેટલીક વીમા કંપનીઓ અકસ્માત અથવા ગંભીર બીમારીઓને કારણે હોસ્પિટલમાં દાખલ થવાના કિસ્સામાં સમ ઇન્શ્યોર્ડના બે ગણા સુધીનું કવરેજ પૂરું પાડે છે.

અહીં પ્રીમિયમ બેઝ પૉલિસી જેટલું જ રહે છે, જે કોઈપણ કટોકટીના સમયે નાણાકીય સ્વતંત્રતા અને માનસિક શાંતિ આપે છે.

એજ લૉક-ઇન

જો તમે આ રાઇડર પસંદ કરો છો, તો દરેક રિન્યુઅલ વખતે તમારું પ્રીમિયમ તમારી વર્તમાન ઉંમરને બદલે, તમે જ્યારે પૉલિસી ખરીદી હતી તે સમયની ઉંમર મુજબ નક્કી કરવામાં આવશે. પ્રીમિયમમાં બચત કરવા માટે આ એક શ્રેષ્ઠ વિકલ્પ છે, ખાસ કરીને કારણ કે ઉંમર વધવાની સાથે હેલ્થ ઇન્શ્યોરન્સ માટે વધુ પ્રીમિયમ ચૂકવવું પડે છે. તેથી, ઉંમર લૉક કરવાથી જ્યાં સુધી બેઝ પૉલિસી હેઠળ ક્લેમ ન થાય ત્યાં સુધી તમારે સમાન પ્રીમિયમ જ ચૂકવવું પડે છે.

ટૉપ-અપ અને સુપર ટૉપ-અપ

હેલ્થ ઇન્શ્યોરન્સ ટૉપ-અપ પ્લાન એ એક એડ-ઓન પૉલિસી છે જે તમારા હોસ્પિટલના ખર્ચાઓ એક નિશ્ચિત મર્યાદા વટાવી જાય ત્યારે વધારાનું કવરેજ પૂરું પાડે છે. મોટી બેઝ પૉલિસીના ઊંચા પ્રીમિયમ ચૂકવ્યા વિના તમારી વીમા રકમ વધારવાનો આ એક ખર્ચ-અસરકારક માર્ગ છે. જ્યારે વર્ષ દરમિયાન તમારા તબીબી ખર્ચાઓ ચોક્કસ મર્યાદા કરતાં વધી જાય ત્યારે સુપર ટૉપ-અપ સુરક્ષા આપે છે. નિયમિત ટૉપ-અપથી વિપરિત પ્રીમિયમ ચૂકવ્યા વિના તમારી વીમા રકમ વધારવાનો આ એક ખર્ચ-અસરકારક માર્ગ છે. જ્યારે વર્ષ દરમિયાન તમારા તબીબી ખર્ચાઓ ચોક્કસ મર્યાદા કરતાં વધી જાય ત્યારે સુપર ટૉપ-અપ સુરક્ષા આપે છે. નિયમિત ટોપ-અપથી વિપરીત- જે દરેક વ્યક્તિગત ક્લેમ પર ડિડક્ટિબલ લાગુ કરે છે- સુપર ટોપ અપ એક પૉલિસી વર્ષમાં હોસ્પિટલનાં તમામ બિલને એકત્રિત ગણે છે.

(લેખક બજાજ જનરલ ઇન્શ્યોરન્સમાં ચીફ ટેકનીકલ ઓફિસર, કોમર્શિયલ તરીકે કાર્યરત છે)